જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૧/૨૦૨૨ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૦૭/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૫	૧	૧૨૬	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૬૦૧૨	૨૧૦	૭૬૨૨૨	૭૭૧૨૯	૨૦૧	૭૭૩૩૦
કુલ		૯૨૬૦૮	૨૧૧	૯૨૮૧૯	૧૦૧૬૫૬	૨૦૧	૧૦૧૮૫૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૬	૪,૫૪,૨૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૭૩	૫,૭૩,૦૦૦/-

જાહેરનામા ભંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બે ઇસમો સૈજપુર ગીરીવૃંદ સોસાયટી ખાતે જાહેરમાં વાહન ઉપર ખંજર તેમજ ચપ્પા લઇને ફરતો હોય તેઓને હથીયાર સાથે પકડી પાડતી કૃષ્ણનગર સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમા ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારી તેમજ આગામી આવનાર તહેવારને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પ્રોહી-જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૦૧/૦૧/૨૦૨૨ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં ક.૧૨/૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા ક.૧૪/૩૦ વાગે સૈજપુર ગીરીવૃંદ સોસાયટી આગળથી પસાર થતા હતા અને તે દરમ્યાન ગાયત્રી સોસાયટી બાજુથી એક મો.સા.વાહન દુરથી આવતા જણાતા જે મો.સા.ઉપર બે સવારી આવતા હોય બન્ને ઇસમોને વાહન સાથે રોકી મો.સા.ની આગળ પાછળ જોતા આર.ટી.ઓ.નં-GJ-01-US-9472 નું હિરો એચીવર-૧૫૦ નું જણાયેલ અને મો.સા.ચલાવવા બાબતે મો.સા.ચાલકની પાસે આધાર પુરાવા માંગતા તેણે મો.સા.ના તમામ પુરાવા રજુ કરેલ પરંતુ સદરી બન્ને ઇસમો ગભરાયેલા જણાઇ આવતા તેઓ બન્ને ઇસમોના પેન્ટના ખિસ્સાઓમાં ઉપસી આવેલ હોય અને ખિસ્સુ ભરેલુ લાગેલ અને ઉપર સર્ટ ઢાંકેલ હોય અને હથીયાર હોય તેવુ જણાતા તે બન્નેની અંગજડતી કરતા તે બન્ને ઇસમોના પેન્ટ ખિસ્સાઓમાંથી અલગ-અગલ ખંજર તેમજ ચપ્પુ મળી આવેલ જે પોતાના કબ્જામાં રાખવા બાબતે બન્ને ઇસમોને પુછતા કોઇ સંતોષકારક જવાબ આપેલ નહી અને કોઇ ગુન્હાહીત કાર્ય કરવા સારૂ ખંજર અને ચપ્પુ પોતાના કબ્જામાં ગે.કા.રીતે સંતાડી રાખેલ હોય અને મે,પો.કમિ.શ્રી અમદાવાદ શહેર નાઓના હથિયારબંધી જાહેરનામા ક્રમાંક/વિ,શા/હથિયારબંધી-જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૧૮૧/૨૦૨૧ તા.૨૮/૧૨/૨૦૨૧ નો ભંગ હોય જેથી ખંજર અને ચપ્પુ તેમજ અંગજડતીમાંથી મળી આવેલ મો.ફોન મુદ્દામાલ તરીકે પંચનામાં વિગતે કિ.રૂ.૦૦/૦૦ ગણી કબ્જે કરી આરોપીઓને તા.૦૧/૦૧/૨૦૨૨ ના ક.૧૬/૨૫ વાગે જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબ અટક કરી સારી કામગીરી કરેલ છે તા.૦૨/૦૧/૨૦૨૨

આરોપીનુ નામ:-નં-(૧)વિશાલ સ/ઓ કાંતીભાઇ બાબુલાલ જાતે પરમાર ઉ.વ.૨૧ રહે-લાઇન નં-૧ શ્રી શક્તિ નગર પ્રેમનગર શહેરકોટડા અમદાવાદ શહેર તથા નં-(૨)હાર્દિક સ/ઓ બળદેવભાઇ કલ્યાણભાઇ જાતે ભુનાતર ઉ.વ.૧૯ રહે-અનિલ વકીલની ચાલી મેમ્કો શહેરકોટડા અમદાવાદ શહેર

મુદ્દામાલ :- એક ખંજર કિ.રૂ.૦૦/૦૦ તથા ચપ્પુ કિ.રૂ.૦૦/૦૦ તથા એક ઓપો કંપનીનો કાળા કલરનો મો.ફોન કિ.રૂ.૭૦૦૦/-ની મત્તાનો

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ **વી.એમ.ગોહિલ** તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮ તથા બીજા સ્ટાફના માણસો

પાસા અટકાયતની વિગત

ઓઢવ પોલીસ સ્ટેશન (૧)

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર જે બી અગ્રાવત નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને રાજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :- શિવમ ઉર્ફે કાકુ સ/ઓ રઘુરાજસિંહ અત્તરસિંહ તોમર ઉ. વ. ૧૯, રહે: મ. નં- ૪૬૯, જલપરી સોસાયટી, સુમનપાર્કની પાસે, વસ્ત્રાલ, રામોલ, અમદાવાદ શહેર મુળ વતન- ગામ- દુર્ગાપુરા, તા- પોરસા, જી- મુરેના, મધ્યપ્રદેશ

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) રામોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. એ-/૧૧૧૯૧૦૨૪૨૧૦૨૬૩/ ૨૦૨૧ ધી ઈ. પી. કો. કલમ ૩૨૬, ૩૨૩, ૨૯૪ (ખ), ૪૨૭, ૧૧૪ મુજબ

(૨) ઓઢવ પો.સ્ટે.ગુ.ર.નં- એ/૧૧૧૯૧૦૩૭૨૧૧૪૪૩/૨૦૨૧ ઈ.પી. કો કલમ : ૩૦૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧)

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં – પીસીબી/ડીટીએન/પાસા/૦૫/૨૦૨૨ તા. ૦૧/૦૧/૨૦૨૨ તથા બજવણી તા. ૦૧/૦૧/૨૦૨૨ ના કલાક ૨૧/૦૦ વાગે :- રાજકોટ જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો.સ.ઈ.શ્રી એસ.વી.પટેલ તથા હે.કો.સંજયકુમાર કડવાજી બ.નં-૫૨૦૭ તથા પો.કો.અશોકભાઇ મોહનભાઇ બ.નં.૬૨૮૫ તથા અ.પો.કો.ગીરીરાજસિંહ દેવેન્દ્રસિંહ બ.નં.૬૮૦૩ તથા અ.પો.કો. સહદેવસિંહ દિપસંગભાઇ બ.નં.૧૨૦૬૪



ઓઢવ પોલીસ સ્ટેશન (૨)

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર જે બી અગ્રાવત નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને જુનાગઢ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :- અતુલ ઉર્ફે રેશુ સ/ઓ બ્રિજકિશોરસિંગ દિપસિંગ રાજપુત (રાજાવત) ઉ. વ. ૨૧, રહેવાસી : મ. નં. ૪૭૭, જલપરી સોસાયટી, સુમિન પાર્ક, મહાદેવનગર, વસ્ત્રાલ રોડ, રામોલ, અમદાવાદ શહેર મુળવતન ગામ- પઢોરા, તા-રોન, જી-ભીંડ, થાના- રોન મધ્યપ્રદેશ

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) રામોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. એ-/૧૧૧૯૧૦૨૪૨૧૦૨૬૩/ ૨૦૨૧ ધી ઈ. પી. કો. કલમ ૩૨૬, ૩૨૩, ૨૯૪ (ખ), ૪૨૭, ૧૧૪ મુજબ

(૨) ઓઢવ પો.સ્ટે.ગુ.ર.નં- એ/૧૧૧૯૧૦૩૭૨૧૧૪૪૩/૨૦૨૧ ઈ.પી. કો કલમ : ૩૦૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧)

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં – પીસીબી/ડીટીએન/પાસા/૦૬/૨૦૨૨ તા. ૦૧/૦૧/૨૦૨૨ તથા બજવણી તા. ૦૧/૦૧/૨૦૨૨ ના કલાક ૨૧/૩૦ વાગે :- જુનાગઢ જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો.સ.ઈ.શ્રી એસ.વી.પટેલ તથા હે.કો.સંજયકુમાર કડવાજી બ.નં-૫૨૦૭ તથા પો.કો.અશોકભાઇ મોહનભાઇ બ.નં.૬૨૮૫ તથા અ.પો.કો.ગીરીરાજસિંહ દેવેન્દ્રસિંહ બ.નં.૬૮૦૩ તથા અ.પો.કો. સહદેવસિંહ દિપસંગભાઇ બ.નં.૧૨૦૬૪



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૦૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૮ કેસ કરી, ૭૫ વ્યક્તિઓને ઝડપી, ૩૨ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૭૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૦૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૦/૨૦૨૨**

વસ્ત્રાપુરઃ અપુર્વા ડો/ઓ ગીરીશભાઇ મુણેત (ઉ.વ.૨૫) (રહે. સમૃધ્ધી એપાર્ટમેન્ટ એસ.બી.આઇ એ.ટી.એમ પાસે વસ્ત્રાપુર તળાવ પાસે વસ્ત્રાપુર) એ તા.૦૧/૦૧/૨૦૨૨ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અપુર્વા મુણેત એ તા.૨૮/૧૧/૨૧ ના રોજ જીન્સ પેન્ટ ખરીદી માટે ગુગલ મારફતે ઓનલાઇન લીવાઇસ કંપનીની વેબસાઇટમાંથી લેવીસ કંપનીના જીન્સ પેંટ બુક કરાવેલ હતા, જે સમય મર્યાદામાં નહી આવતા અપુર્વા મુણેત એ તા.૧૪/૧૨/૨૦૨૧ ના રોજ ગુગલ મારફતે delhivery couriercontact number ઉપર સર્ચ કરી મોબાઈલ નંબર ૯૮૨૭૬૯૮૮૨૧ મેળવી વાત કરતા મોબાઈલ નંબર ૭૮૪૮૯૦૭૧૯૪, ૯૮૨૭૬૯૬૧૫૭, ૯૭૪૯૮૧૬૪૩૦ ના ધારકોએ ભેગા મળી
ડીલીવરી કુરીયર સર્વીસમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી એડ્રેસ અપડેટ થયેલ નથી તેમ જણાવી અપુર્વા મુણેતના મોબાઈલમાં લીંક મોકલી રૂપિયા-૩ ટ્રાંજેકશન કરવાનુ જણાવતા અપુર્વા મુણેત એ લીંક ઓપન કરી રૂપિયા-૩ ટ્રાંજેકશન કરતા અપુર્વા મુણેતના ખાતામાંથી રૂપિયા ૯૩,૪૬૫/- અલગ-અલગ ઓનલાઇન ટ્રાજેક્શનથી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.જી.ખાંભલા ચલાવે છે.

નવરંગપુરાઃ નિસર્ગભાઇ મુકેશભાઇ પરીખ (ઉ.વ.૨૮) (રહે. સમન્વય રેસીડન્સી સત્યમેવ હોસ્પીટલ પાછળ ચાંદખેડા) એ તા.૦૧/૦૧/૨૦૨૨ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નવરંગપુરા મીઠાખળી છ રસ્તા અર્થ કોમ્પલેક્ષ પી.વી.ફાર્મા હેલ્થકેર પ્રા.લી.નામની કંપનીની ઓફીસ ખાતે કામ કરતા શૈલેષભાઇ ધનજીભાઈ વધાસીયા (રહે. મરીયોટ સ્કાય સરીતા ૧-૩, રાજવી બંગલોઝ સામે નીકોલ) એ તા.૨૧/૧૦/૨૦૧૯ થી તા.૦૮/૧૨/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન નિસર્ગભાઈ પરીખની કંપનીએ “સીનોબ્રાઇટ” તથા “સી.એસ.પી.સી.” કંપની પાસેથી સેફાજોલીન તથા એઝીથ્રોમાઇસીન એન્ટીબાયોટીક મટીરીયલ્સ મંગાવેલ હોય તેમા રૂપિયા ૧૨,૪૦,૦૦૦/- કમિશન મેળવી તે કમિશન શૈલેષભાઈના સગા મોહીતભાઇ રાજુભાઇ વધાસીયા તથા રશ્મિકાંત મથુરભાઇ વડાલીયા નાઓના ખાતામાં જમા કરાવી તે રકમ શૈલેષભાઈ નાઓએ પોતાના ખાતામા જમા કરાવી ઉચાપત કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જે.ચુડાસમા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૧/૨૦૨૨**

ઓઢવઃ વિશાલભાઇ ધીરજભાઇ જૈન (રહે. દર્શન સોસાયટી બળીયાદેવ પાર્ટી પ્લોટ સામે અંબિકાનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૨/૨૦૨૧ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે ઓઢવ કડીયાનાકા ખાતે આવેલ નં-૧૩ પાયલ જવેલર્સ નામની પોતાની દુકાન આગલ મુકેસ્લ પાણીનો જગ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગયો હતો. જે જગમાં સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૯,૧૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૨/૨૦૨૨**

"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ રાજકુમાર હરીશંકર યાદવ (રહે.પરીજાત ઉપવન ફ્લેટ બીજલ હોમ્સ ડુપ્લેક્ષની બાજુમાં વટવા) એ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રાજકુમાર યાદવ પાસે રહેતો રાજકુમાર યાદવનો ભાણેજ અજયકુમાર મુનર યાદવ (ઉ.વ.૨૧) તા.૦૧/૦૧/૨૦૨૨ કલાક ૮/૪૫ વાગ્યા પહેલા નારોલ સર્કલ મિતલ સેલ્સ એન્ડ સર્વિસ સામેથી સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ખુલ્લી બોડીવાળી ટાટા સીગનર ગાડી ટીસી નંબર જેએચ ૦૫એ ૩૬૬૩ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવતા અજય અજયકુમાર યાદવ ટ્રકના ટાયર નીચે આવી જતા ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર જ તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી આર.એમ.રાઠવા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૩/૨૦૨૨**

નારોલઃ ગીરીશભાઇ અરવિંદભાઇ તપોધન (ઉ.વ.૨૭) (રહે. મંથન ટેનામેન્ટ નારોલ કોર્ટ સામે નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૨/૨૦૨૧ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર જ્વલનશીલ પદાર્થ નાખી સળગી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૧/૦૧/૨૦૨૨ કલાક ૮/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.